# દૂધિયો બાજરો અને ચોખાનો હરિયો જોઈ મહિલાઓનાં મોંમાં પાણી આવ્યું !






## જ્યોતિ મહિલા મંડળ દ્વારા રસોઈ શો અને વિસરાતી વાનગીઓની સ્પર્ધા યોજાઈ : વિસરાઈ ગયેલી ૭૮ જેટલી વાનગીઓ રજૂ થઈ : હિના ગૌતમ અને ગીતા ખુમાણે લાઈવ રસોઈ શો પ્રસ્તુત કર્યો

ગાંધીનગર, તા. ૨૫

કોઈ તમને પોતાના ઘેર જમવાનું આમંત્રણ આપે અને તમે પૂછો કે જમવામાં શું બનાવ્યું છે ? તો જવાબ મળે કે 'દૂધિયો બાજરો, વસાણું, સત્તુના લાડુ અને સરગવાના પાનના ચિલ્લા...' તો તમને કેવું લાગે ? પહેલીવાર વાનગીઓનાં આવાં નામ સાંભળનારને અજૂગતું જરૂર લાગી શકે પરંતુ એ હકીકત છેકે આ વાનગીઓ કોઈ મજાક કે પરપ્રાંતની વાનગીઓ નથી, પરંતુ આપણી જ વિસરાઈ ગયેલી વાનગીઓ છે.

આવી જ ૭૮ જેટલી વાનગીઓ જે આપણા રોજ-બ-રોજના જીવનમાંથી વિસરાઈ ચૂકી છે, તે જ્યોતિ મહિલા મંડળના ઉપક્રમે આયોજિત રસોઈ શો તથા વિસરાતી વાનગી સ્પર્ધામાં જોવા મળી હતી.

સૅક્ટર-૨૩માં સર્વ વિદ્યાલય પરિસર ખાતે સ્થિત ખીમજી વિસરામ હૉલમાં આયોજિત રસોઈ શો તથા વિસરાતી વાનગી સ્પર્ધામાં ૬ પુરૂષ અને ૭૨ મહિલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ૧૨૦૦થી વધુ મહિલાઓની ઉપસ્થિતિમાં વિવિધ ટીવી ચૅનલ્સમાં ચમકતાં જાણીતાં રસોઈ નિષ્ણાત હિના ગૌતમ અને ગીતા ખુમાણે લાઈવ રસોઈનું નિદર્શન કર્યું હતું.

આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન ગાંધીનગર મહાનગરપાલિકાનાં મ્યુનિસિપલ કમિશનર રતનકુંવરબા ગઢવી અને ગાંધીનગરના બ્રહ્માકુમારીઝ કેન્દ્રનાં સંચાલક કૈલાશદીદીના હસ્તે કરવામાં આવ્યું હતું. રસોઈ સાથે યોજાયેલ વિસરાતી વાનગી સ્પર્ધામાં ૭૮ સ્પર્ધકોએ ભાગ લઈ ભુલાઈ ગયેલી વાનગીઓ પ્રસ્તુત કરી હતી. આ સ્પર્ધાના અંતે વિવિધ સ્તરે ૪૦ સ્પર્ધકોને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. યુવતિઓમાં પ્રથમ ક્રમે અંકિતા પ્રજાપતિ અને દ્વિતિય ક્રમે ધૃવા ઠક્કર, મહિલાઓમાં પ્રથમ ક્રમે બ્રહ્માકુમારી મીરાબેન અને દ્વિતિય ક્રમે શીતલબેન પાથર, પુરૂષોમાં પ્રથમ ક્રમે રમણભાઈ પટેલ અને દ્વિતિય ક્રમે હર્ષિત ઠક્કર વિજેતા બન્યા હતા.

**કઈ વિસરાતી વાનગીઓ સ્પર્ધા અંતર્ગત પ્રસ્તુત કરાઈ ?**

- સત્તુના લાડુ
- દૂધિયો બાજરો
- વસાણું (કતલું)
- સરગવાના પાનના ચિલ્લા
- બાજરીની ખીચડી
- ઘઉં-બાજરાની પંચરત્ન રાબ
- હળદરિયું
- ચોખાનો હરિયો

સ્પર્ધાના ઈનામ વિતરણ સમારોહમાં કૈલાશદીદી ઉપરાંત શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણબુચ, કૌશલ્યાબેન પરીખ, રિલાયન્સ ગૃપના જનરલ મૅનેજર નિલેષ જોષી ઉપરાંત બૅન્ક ઑફ ઈન્ડિયાનાં એજીએમ પુષ્પાબેન ઉપસ્થિત રહ્યાં હતાં.

કાર્યક્રમના પ્રારંભે સંસ્થાનાં પ્રમુખ ડૉ. ચેતના બુચ દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન કિન્નરી દવે દ્વારા કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર શહેરના જાણીતા નાટ્યકાર કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત નાટક 'અંતરે અનંક એકાંત'ની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. બહુ વખણાયેલા આ નાટકમાં કુંતલ નિમાવત ઉપરાંત ઋચા વૈષ્ણવ અને દિવ્યકાન્ત વર્મા દ્વારા અભિનય આપવામાં આવ્યો હતો. સંગીત સંચાલન પર્વ નિમાવત અને નેપથ્યની સેવા દિશાન્ત સોની દ્વારા આપવામાં આવી હતી.

રસોઈ શો તથા વિસરાતી વાનગી સ્પર્ધાનાં આયોજન માટે જ્યોતિ ઠક્કર, નીરૂબેન નાયક, કોકિલાબેન નાયક, રમીલાબેન મિસ્ત્રી, શકુંતલાબેન શાહ, સાબેરાબેન દેસાઈ અને નિરાલી જોષીએ જહેમત ઉઠાવી હતી.

# લૅન્ડ રેકર્ડઝ કર્મચારીઓ દ્વારા પડતર પ્રશ્નો અંગે ધરણા યોજાયા

ગાંધીનગર, તા.૨૫

ગુજરાત સરકારની લૅન્ડ રેકર્ડઝ કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીઓની હાલત હાલમાં કફોડી બની જવા પામી છે. રી-સર્વેની કામગીરીને અનુલક્ષી કર્મચારીઓમાં છુપો રોષ જોવા મળી રહ્યો છે.જયારે છેલ્લા ઘણા સમયથી પડતર પ્રશ્નો અંગે મંડળ દ્વારા રજુઆત કરવામાં આવી છે તેમ છતા તંત્ર દ્વારા કોઈ નિર્ણય લેવામાં ન આવતા કર્મચારીઓમાં રોષની લાગણી વ્યાપી જવા પામી છે. જેને પગલે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે કર્મચારીઓ પ્રતિક ઉપવાસ કરી રહ્યા છે. ત્યારે આગામી સમયમાં પડતર માંગણીઓનું નિરાકરણ નહીં આવે તો આગામી દિવસોમાં વધુ ઉગ્ર આક્રમક કાર્યક્રમો કરવામાં આવશે.

ગુજરાત સરકાર લૅન્ડ રેકર્ડઝ કચેરી દ્વારા હાલમાં સરકારની રિ-સર્વેની ઝુંબેશ શરુ કરવામાં આવી છે. જેને પગલે સ્ટાફના કર્મચારીઓ પર કામનું ભારણ વધી જવા પામ્યું છે. તેમજ જે કર્મચારીઓ આ રી-સર્વેની કામગીરી જોડાયા છે તે કર્મચારીઓને પુરતી સુવિધા પણ પુરી પાડવામાં આવતી નથી. એક તરફ કચેરીમાં સ્ટાફની અછત ચાલી રહી છે. તો બીજી તરફ સર્વેની કામગીરીમાં સાથે સંકળાયેલા કર્મચારીઓને દિવસના આઠ માપણી કેસ અને ૫ દફતરી કેસ આપવામાં આવ્યા છે. જરુરી સુવિધાઓના અભાવ વચ્ચે કામગીરી કરતા કર્મચારીઓમાં પણ વિરોધનો વંટોળ જોવા મળી રહ્યો છે. પહેલા જે નિતી નિયમો હતા તેમા ફેરફાર કરવામાં આવ્યો છે જેને પગલે કર્મચારીઓની હાલત કફોડી બની જવા પામી છે.જયારે ઉચ્ચતર પગાર ધોરણ સહિત વર્ગ-૩ ની કલાર્કની ખાલી જગ્યાઓ વર્ગ -૪ માંથી બઢતી આપીને ભરવામાં આવે તેમજ અન્ય કર્મચારીઓની જેમ બઢતી આપવા સહિત પગારધોરણમાં સુધારો કરવા અને નિયમિત પગાર થાય તે પ્રકારે પુરતી ગ્રાન્ટ આપવામાં આવી છે. સરકાર દ્વારા જરુરી સુવિધાઓ આવે તેવી માંગ સાથે અવારનવાર વર્ગ-૩ કર્મચારી મંડળ દ્વારા રજુઆત કરવા છતા પણ તે અંગે કોઈ જ નિરાકરણ નહીં આવતા રોષે ભરાયેલા કર્મચારીઓ દ્વારા પ્રતિક ઉપવાસ આંદોલન જિલ્લા કક્ષાએ કરવામાં આવ્યું છે. જેને પગલે શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે ગાંધીનગર જિલ્લા યુનિટના કર્મચારીઓ ઉપવાસ કરીને સરકાર સામે વિરોધ પ્રગટ કરી રહ્યા છે. હાલમાં જે કર્મચારીઓને રી-સર્વેની કામગીરી સોંપવામાં આવી છે. તેઓ પાયાની કોઈપણ પ્રકારની સગવડો જેમ કે સર્વેયર સાથે એક પ્યુન તેમજ માપણી માટેનું ઈન્સ્ટુમેન્ટ તેમજ મુસાફરીના સાધન સહિત ફિકસ પગારના કર્માચરીઓને કોઈપણ પ્રકારના ભથ્થા પણ આપવામાં આવતા નથી. જેથી કર્મચારીઓની હાલત દયનીય બની જવા પામી છે. જેને પગલે પડતર પ્રશ્નોનું ઝડપી નિરાકરણ આવે તેમ કર્મચારીઓ ઈચ્છી રહ્યા છે.

# સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના કટાયેલા અને કંગાળ થાંભલા જોખમી હાલતમાં

**મુખ્યમાર્ગો પરની રોનક નિખારવામાં તંત્ર વ્યસ્ત : આમ નાગરિકોને દુવિધા**

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષીને સ્ટ્રીટ લાઈટના થાંભલાઓને કલરકામ કરવામાં આવી રહ્યુ છે. પરંતુ સેકટરોમાં કેટલાક થાંભલાઓ જોખમી હાલતાં છે. સ્ટ્રીટ લાઈટના થાંભલાઓને અંદરથી કાટ લાગી ગયો છે. સેકટરોમાં સ્ટ્રીટ લાઈટની સેવા ખાડે ગઈ છે. કટાયેલા થાંભલાઓને પણ વર્ષોથી કલર થયો નથી. જયારે નમી પડેલા અને કટાયેલા અને ખુલ્લા થાંભલાઓ ગમે ત્યારે અકસ્માતનુ કારણ બને છે. ત્યારે આમ નાગરિકોની સલામતીને ધ્યાને લઈને માત્ર મુખ્યમાર્ગો પર જ નહીં પરંતુ સેકટરોના આંતરિક માર્ગો પર સ્ટ્રીટ લાઈટના થાંભલા નવા નાંખવા ઉપરાંત કલરકામ કરવા માટે માંગ ઉઠવા પામી છે. શહેરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષીને તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. જયારે શહેરના મુખ્યમાર્ગોન ચકાચક બનાવવા ઉપરાંત બ્યુટિફિકેશનના કામો પણ પુરજોશમાં ચાલી રહ્યા છે. શહેરમાં લાંબા સમયના અંતે સ્ટ્રીટ લાઈટના થાંભલાઓને કલર કરવામાં આવી રહ્યો છે .પરંતુ આ કામગીરી નગરના મુખ્યમાર્ગો સુધી જ સમિત છે. શહેરના સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના થાંભલાઓ કંગાળ હાલતમાં છે. સ્ટ્રીટ લાઈટના થાંભલાઓને કલર કરવામાં આવતો નથી. જયારે કેટલાક ઠેકાણે થાંભલાઓ નમેલી અને ભયજનક હાલતમાં છે. બીજીતરફ થાંભલાઓને કાટ લાગી ગયો હોવાથી જોખમી હાલતમાં છે. સ્ટ્રીટ લાઈટના થાંભલાઓના ઢાંકણ પણ ખુલ્લી હાલતમાં છે.જેથી ગમે ત્યારે અકસ્માત થવાની દહેશત છે. સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતી હોવાની ફરિયાદો વધી છે. સેકટરોમાં લાંબા સમય સુધી આ ફરિયાદોનો નિકાલ આવતો નથી. જેના લીધે આકરી ઠંડીના દિવસોમાં રાત્રિના સમયે છવાયેલા સુનકાર વચ્ચે સેકટરોના આંતરિક માર્ગોપર અંધારપટ્ટ છવાઈ જતા રહીશોમાં ભયની લાગણી વ્યાપી છે.નગરને વાઈબ્રન્ટ લુક આપવા માટે તોતિંગ ખર્ચ કરવામાં આવી રહ્યો છે. જયારે શહેરમાં રહેતા નાગરિકોની સલામતી અને વ્યવસ્થા પુરી પાડવા માટે તંત્ર નિરસતા સેવી રહ્યુ છે.

# વિદ્યાર્થીઓમાં વાચન, લેખનની કચાશ દૂર કરતો સીઆરસી કલોલ-ઉનો પ્રોજેકટ આકર્ષણનું કેન્દ્ર



ગાંધીનગર, તા.૨૫

સરકારી શાળાઓના વિદ્યાર્થીઓના વાંચન લેખનમાં કચાશ જોવા મળે તેવી ફરિયાદો અનેકવાર ઉઠતી હોય છે. ગાંધીનગર જિલ્લાના કલોલ-ઉના સીઆરસી કો ઓર્ડિનેટર યોગેશ આચાર્ય દ્વારા વાંચન લેખનમાં કચાશ ધરાવતા બાળકોને સહેલાઈથી કેવી રીતે શિખવી શકાય તે અંગે જિલ્લા શિક્ષણ તાલીમ ભવન ખાતે આયોજિત ઈનોવેશન ફેરમાં પ્રોજેકટ રજૂ કરવામાં આવ્યો હતો જે આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો.

'મિશન વિદ્યામાં વ્યકિતગત અને સ્વ-શિક્ષણ' પ્રોજેકટ અંતર્ગત યોગેશ આચાર્ય દ્વારા પ્રસ્તુત પ્રોજેકટમાં વિદ્યાર્થીઓના વાંચન વિડિયો દ્વારા ઉચ્ચાર શુધ્ધિ અને ભૂલ સુધારણા તથા 'હું જ શોધીશ મારી ભૂલ' એ લેખનકળામાં સ્વશિક્ષણનો કાર્યક્રમ બની રહેશે તેવું રજૂ કરાયું હતું. આ પ્રોજેકટને શિક્ષણ સચિવ ડૉ. વિનોદ રાય, એનસીઈઆરટીના નિયામક સેનાપતિ, જીસીઈઆરટીના નિયામક ડૉ. ટી.એસ. જોષી, પ્રાચાર્ય આઈ.વી. પટેલ, સિનિયર લેકચરર અને ઈનોવેશન સેન્ટરના કન્વીનર કે.એસ. પરમાર વગેરેએ નિહાળ્યો હતો અને પ્રોત્સાહિત કર્યો હતો.

# રાધે ક્રિસમસ કાર્નિવલમાં સ્વચ્છતા અભિયાન વિષયે ભવાઈ શો

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના સુપ્રસિધ્ધ મિઠાઈના ઉત્પાદક 'રાધે' સ્વીટ દ્વારા ત.૨૪મીથી તા. ૩૧મી ડિસેમ્બર સુધી આયોજિત રાધે ક્રિસમસ કાર્નિવલ ખાતે આજે 'સ્વચ્છતા અભિયાન' થીમ આધારિત ભવાઈનો કાર્યક્રમ યોજાયો હતો. સેકટર-૧૧માં રાધે સ્વીટના પ્રાંગણમાં આયોજિત કાર્નિવલમાં આવતીકાલે 'જાદુ કી દુનિયા' અને ગુરુવારે હાસ્યનું હુલ્લડ સહિત તા. ૩૧મી ડિસેમ્બરે લાઈવ ડીજે પણ યોજાશે. સોમવારે આ કાર્નિવલમાં 'લાઈવ કેક શૉ' યોજાઈ ગયો જેને પ્રેક્ષકોએ ખુબ વખાણ્યો હતો. થર્ટી ફર્સ્ટના દવસે અહીં ૫ થી ૧૨ વર્ષના બાળકો માટે ડ્રોઈંગ કાર્નિવલ યોજાશે જેમાં ૫ લકી વિનરને ગીફટ હેમ્પર મળશે.

ક્રિસમસનો તહેવાર દિવાળીની જેમ એક પ્રકારે શોપીંગ ફેસ્ટિવલ બનવા લાગ્યો છે અને શહેરમાં વિવિધ ચીજવસ્તુઓના શૉ-રૂમ ધારકો દ્વારા ગ્રાહકોને આકર્ષવા 'ક્રિસમસ ડિસ્કાઉન્ટ ઓફર' સાથે ક્રિસમસની ઉજવણીના પણ આયોજનો કરવામાં આવે છે. આ તમામ આયોજનમાં 'સાન્તા કલોઝ' આકર્ષણનું કેન્દ્ર બને છે. શહેરની ખ્યાતનામ સ્વીટસના શૉ રૂમ રાધે દ્વારા આયોજિત રાધે ક્રિસમસ કાર્નિવલનો તા. ૨૪મીએ લાઈવ કેક શૉથી આરંભ થયો હતો. આજે નાતાલના દિવસે અહીં 'સ્વચ્છતા અભિયાન' આધારિત શહેરના કલામંચ ગ્રુપ દ્વારા ભવાઈ શૉ રજુ કરાયો જેમાં હિમાંશુ ભચેચે રંગલાનું પાત્ર ભજવ્યું હતું, આ ઉપરાંત તેમાં મુકેશ જાની તથા પૂજા લખવારાએ પણ અભિનય પ્રસ્તુતિ કરી હતી. આજના કાર્યક્રમમાં ભવાઈ ઉપરાંત મિમિક્રીનો કાર્યક્રમ પણ યોજાયો હતો જેમાં જુનિયર દેવાનંદ ફેઈમ અશોકભાઈએ દર્શકોનું મનોરંજન કરાવ્યું હતું. આવતીકાલે બુધવારે રાત્રે રાધે ક્રિસમસ કાર્નિવલમાં 'જાદુ કી દુનિયા' નામનો જાદુનો શૉ યોજાશે તેમજ તા. ૨૭મી ડિસેમ્બર ગુરુવારે રાત્રે 'હાસ્યનું વાવાઝોડું' યોજાશે. જેમાં ભાવનગરના જાણીતા હાસ્ય કલાકાર તથા ધીરુભાઈ સરવૈયાના લઘુબંધુ જગદીશભાઈ સરવૈયા પ્રેક્ષકોને મોજ કરાવશે.

રાધે ક્રિસમસ કાર્નિવલમાં તા. ૨૮મીએ નાટક તા. ૨૯મી શનિવારે ગેમ શૉ, તા. ૨૮મી રવિવારે લાઈવ કરાઓ કે ઓરકેસ્ટ્રા યોજાશે જયારે તા. ૩૧મી ડિસેમ્બર થર્ટી ફર્સ્ટના રોજ લાઈવ ડીજે યોજાશે. આ ઉપરાંત તા. ૩૧મીએ ૫ થી ૧૨ વર્ષના બાળકો માટે ડ્રોઈંગ કાર્નિવલનું આયોજન કરાયું છે. જેમાં દરેક સ્પર્ધકને શુભેચ્છા ભેટ સાથે ૫ લકી વિનરને રાધે ગીફટ હેમ્પર આપી સન્માનવામાં આવશે.



## આગામી દિવસોમાં જાદુ કી દુનિયા, હાસ્યનું વાવાઝોડું, કરાઓ કે ઓરકેસ્ટ્રા, નાટક ઉપરાંત ડ્રોઈંગ કોમ્પીટીશન પણ યોજાશે : થર્ટી ફર્સ્ટે લાઈવ ડીજે યોજાશે

# ૪૨/૮૪ ગામ કડવા પાટીદાર સમાજનું સ્નેહમિલન યોજાયું



ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેર સ્થિત ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજ દ્વારા આયોજિત સ્નેહમિલન અંતર્ગત તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ, વડીલ સ્નેહીજનોનું સન્માન તથા ફોન ડિરેકટરીનું વિમોચન કાર્યક્રમ સમાજના અગ્રણીઓની ઉપસ્થિતિમાં ખાસ વિશિષ્ટ સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે સમાજના પ્રતિષ્ઠિત આગેવાનોના હસ્તે દિપ પ્રાગટય દ્વારા કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ બાલિકાઓની પ્રાર્થના બાદ વિશિષ્ટ અગ્રણીઓના હસ્તે દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત સમાજના વડીલ સ્નેહીજનોનું ઉષ્માભર્યું સન્માન કરી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સમાજના ઉત્સાહી અગ્રણીઓએ પ્રાસંગિક પ્રવચન કરી શુભકામનાઓ સહિત તેજસ્વી તારલાઓને પ્રોત્સાહન રૂપે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શહેર સ્થિત નાગિરકો માટેની અગત્યની ફોન ડિરેકટરીનું મહાનુભાવોના હસ્તે વિમચોન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સાંજે ભોજન સમારંભ દરમિયાન રાત્રે શ્રી થિયેટર પ્રસ્તુત સામાજિક કોમેડી રહસ્યમય સર્જન 'આને વહુ કહેવાય' મુખ્ય ભૂમિકા પિન્કી પારેખ-નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સમારોહમાં પ્રમુખ મહેન્દ્રભાઈ કે. પટેલ, મંત્રી કૃણાલ પટેલ તથા કારોબારી સભ્યશ્રીઓ, સમાજના અગ્રણીઓ, વડીલો, દાતાઓ, સ્નેહીજનો દ્વારા સ્નેહમિલન કાર્યક્રમને સફળ બનાવવા ઉત્સાહપૂર્વક જહેમત ઉઠાવવામાં આવી હતી.



ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સહયોગથી વનરાજ એજયુકેશન દ્વારા અંબોડ ગામે શનિવારે રાત્રે લોક ડાયરાનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે ગાંધીનગર અને માણસાના ધારાસભ્યો સહિત વિવિધ રાજકીય અને સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ભજનિક રમેશભાઈ પ્રજાપતિ, પ્રકાશભાઈ બારોટ, અર્પિતાબેન દરજી, મહેન્દ્રસિંહ વાઘેલા, નિરંજન સોલંકી, કનુભાઈ પ્રજાપતિ તથા જગદીશભાઈ સોલંકી જેવા કલાકારોએ લોકસંગીતના સથવારે લોક સાહિત્ય પીરસ્યું હતું.

# લેકાવાડાના રતનટેકરી વાસમાં ભેંસના બચ્ચાને કૂતરાં કરડતાં બચ્ચાનું મોત

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરને અડીને આવેલ લેકાવાડા ગામના રતનટેકરી વાસમાં કૂતરાઓ દ્વારા ભેંસના તાજી જન્મેલી પાડીને ફાડીને મારી નાખતાં ગ્રામજનોમાં અરેરાટી વ્યાપી જવા પામી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૨૦મી ડિસેમ્બરના રોજ સાંજના સુમારે શકરસિંહ વાઘેલાના ઘરે એક ભેંસ વિવાઈ હતી. આ પછી બચ્ચાને નવડાવી ધોવડાવી અને તેને વાડામાં માતાની નજીક બાંધ્યું હતું.

વહેલી પરોઢે વાડામાં ઘુસેલા ગામના જ કૂતરાઓએ આ બચ્ચા પર હુમલો કર્યો હતો અને તેના પાછળના ભાગમાં ભારે ઈજાઓ પહોંચાડી હતી. આ દરમિયાન એકાએક જાગી ગયેલા પરિવારના સભ્યો વડામાં દોડી ગયા હતા પરંતુ કૂતરાઓએ બચ્ચાને ભારે ઈજા પહોંચાડી હતી.

સવાર થતા જ પરિવાર પશુ તબીબને તેડાવ્યા હતા. તેમણે આવતાંની સાથે જ સારવાર શરુ કરી હતી. જે પાછળના ભાગે ઈજાઓ પહોંચી હતી ત્યાં ટાંકા લીધા હતા. પરંતુ બે કલાક પછી આ બચ્ચુ મૃત્યુ પામતાં પરિવારમાં અને રતનટેકરી વાસમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

શેરીના કૂતરાઓ દ્વારા થયેલી આ હરકત પછી ગ્રામજનોમાં પણ ભયની લાગણી પ્રસરી જવા પામી છે. પશુપાલકોમાં પણ ચિંતાની લાગણી જોવા મળી રહી છે.

શંકરસિંહ વાઘેલા જિલ્લા પંચાયત ખાતે સિકયોરિટી સર્વિસ ગાર્ડ તરીકે સેવાઓ આપી રહ્યા છે. આવો એક બનાવ અગાઉ આદરજમોટી ખાતે નોંધાયો હતો જે ઉલ્લેખનીય છે.

# આજે મનપાના કાનૂની વિવાદની સુનાવણી

**મેયરની ચૂંટણીપ્રક્રિયા, અંકિત બારોટના મતાધિકારની રક્ષા તથા મેયરના બંધ કવરનો મત ખોલવા અંગે સુનાવણી**

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર મહાનગર પાલિકાના કાનૂની વિવાદની આજે રાજયની વડી અદાલતમાં સુનાવણી થવા જઈ રહી છે.

મેયર સામે પક્ષાંતર ધારાભંગનો કે, મેયરની ચૂંટણી પધ્ધતિને પડકારતી, કોંગીના અપહરણ કરાયેલ અંકિત બારોટની મતાધિકારની રક્ષા કરવા દાદ માગતી તેમજ ભાજપના કાઉન્સીલરો દ્વારા મેયરનો બંધ કવરમાં મત ખોલી પરિણામ જાહેર કરવાની માંગ કરતી અરજીઓ છે. આ બધી અરજીઓને લઈ આજે વડી અદાલતમાં સુનાવણી હાથ ધરાશે.

બપોર પછી સુનાવણી હાથ ધરાય તેના નિર્દેશો મળી રહ્યા છે. જો કે આ કાનૂની વિવાદને લઈ હવે શું થાય છે તેના પર સૌની મીટ મંડાયેલી છે.